અપીલ અરજી નં.૨૧૮ તા.૨૪–૧૦–૦૮

અરજદારઃ શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ
સામાવાળાઃડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની તા.૨૨–૯–૦૮ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૧ (વેસુ) ફા.પ્લોટ નં. ૬૯ વાળી જમીનમાં આપવામાં આવેલ વિકાસ પરવાનગી શવિ.અ.શ્રીના તા.૪–૨–૦૮ ના હુકમથી રદ કરવામાં આવેલ હોય, એકટની કલમ–૨૫૮ અનુસાર પરવાનગી વગર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ વિગેરેની માહિતી આપવા બાબત

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૮/૨૦૦૮–૦૯

શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની તા.૨૨–૯–૦૮ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૧ (વેસુ) ફા.પ્લોટ નં. ૬૯ વાળી જમીનમાં આપવામાં આવેલ વિકાસ પરવાનગી શ.વિ.અ.શ્રીના તા.૪–૨–૦૮ ના હુકમથી રદ કરવામાં આવેલ હોય, એકટની કલમ–૨૫૮ અનુસાર પરવાનગી વગર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ વિગેરેની માહિતી આપવા બાબતે માંગવામાં આવેલ માહિતીનો જવાબ આપેલ નથી તેમજ માહિતીની નકલ અસ્પષ્ટ અને ઝાંખી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૨ તા.૨૭–૧૦–૦૮ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/આ.નં.૩૧૭ તા.૬–૧૧–૦૮ થી માહિતી અત્રેના વિભાગને મળેલ છે. જે અનુસાર તેમના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૯૫ તા.૨૦–૧૦–૦૮ થી રૂ.૨/– દસ્તાવેજ ફી ભરી મેળવી લેવા તેમણે અરજદારને સૂચિત કરેલ જણાય છે. પરંતુ તે સિવાયની માહિતી આપ્યાનું પત્ર પરથી જણાતું નથી.

અરજદારની તા.૨૨–૯–૦૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી ટીપી સ્કીમ નં.૧ (વેસુ) ફા.પ્લોટ નં.૬૯ વાળી જમીનમાં આપવામાં આવેલ વિકાસ પરવાનગી શ.વિ.અ. શ્રીના તા.૪–૨–૦૮ ના હુકમથી રદ કરવામાં આવેલ હોય બીપીએમસી એકટની કલમ–૨૫૮ અનુસાર વિકાસ પરવાનગી વગર કરવામાં આવેલ બાંધકામ ગેરકાયદેસર ઠરતું હોય તે દુર કરવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ વિ. ની સ્પષ્ટતા,નિર્ણય/માર્ગદર્શન તા.૧–૯–૦૮ ના રોજ આપેલ છે. તે ગેરકાયદેસર બાંધકામ દુર કરવા માટે કરેલ રીપોર્ટ શેરા,કોમ્પ્લાન્સ,હુકમો,પત્રો, સર્ટીફાઈડ ઝેરોક્ષ નકલની માંગણી કરેલ છે. તથા તે કયારે દુર કરવામાં આવશે તેની તારીખ અને દુર કરવાની જવાબદારી બાબતે માહિતી માંગવામાં આવેલ છે. અપીલ અરજીમાં અરજદારે માહિતી સ્પષ્ટ વાંચી શકાય તેવી અને સર્ટીફાઈડ નકલની માંગણી કરેલ છે. તેમજ તેમની મુળ અરજીથી માંગેલ જવાબદારી,બાંધકામ દુર કરવા અંગેની કાર્યવાહી તેમજ સમયઅવધિ અંગેની નહીં મળેલ માહિતી અપાવવા રજૂઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે માંગણી કરેલ પ્રમાણિત નકલની માહિતી આરટીઆઈ એકટની કલમ– ૨ (જે) હેઠળ માહિતી અધિકારની વ્યાખ્યા હેઠળ સમાવિષ્ટ છે. તથા ફરીયાદનિકાલની સમય મર્યાદા તેમજ નિકાલની જવાબદારીને લગતી માહિતી જે નાગરિક અધિકાર પત્ર હેઠળ પણ સમાવિષ્ટ છે તે સ્વયં જાહેર કરવા યોગ્ય હેઠળ પણ કલમ–૪ હેઠળ આવે છે જેથી " અરજદારની તા.૨૨–૯–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યવાહીને લગતી જે માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેની વંચાય તેવી પ્રમાણિત નકલ અને જવાબદારી નકકી કરવાના વિષય બાબત અને સમય મર્યાદા જેવી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ અરજીમાં કાર્યવાહીને લગતા ઉપલબ્ધ કરેલ પ્રશ્ન અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/ ૯૩૪
તારીખ : ૨ –૧૨–૦૮.

ડે.કમિશ્નર(જનરલ), ૨/૧૨
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ,૧૦,૧૧,૧૨,ઉમિયા આશીષ સોસા.,જહાંગીરાબાદ,ઉગત રોડ,રાંદેર,સુરત.,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.